




## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

છે માત્ર અંધકાર કશું નીકળ્યું નહીં,
ઊંડો કર્યો વિચાર કશું નીકળ્યું નહીં.

મોહિત ફરી ફરી આ શું કરતું હતું મને?
જોયું દરેક વાર કશું નીકળ્યું નહીં.

આશાનું માત્ર એક કિરણ રાતભર હતું,
જ્યારે થઈ સવાર કશું નીકળ્યું નહીં.

દર્શનને કાજ દીર્ઘ પ્રતીક્ષા કર્યા પછી,
ઊઘડ્યાં જો બંધ દ્વાર કશું નીકળ્યું નહીં.

પરદા સુધીની દોટનું છે નામ જિંદગી,
પરદાની આરપાર કશું નીકળ્યું નહીં.

હેમેન શાહ

### પાથેય

## ખુશીઓના ખેતરે...

જીવન સરળ વ્યવહારમાં છે.આપણે મોટાભાગે અટપટી વાતોમાં અટવાઈ જઈએ છીએ.આયખુ જેમ? એક એક ક્ષણમાં છૂપાયેલું હોય છે એમ જ સત્ય નાની નાની વાતોમાં ડોકાતુ રહે છે.એ કોઈ દરિયો ઉલેચવા જેવું નથી.

જીવન જીવવાની કળા એટલે શું?કોઈક હસમુખી વ્યકિતને મળીએ ત્યારે આપણે કહીએ છીએ 'તમે સરસ જીવો છો." એવું કહેવાય છે કે સુખી થવાની કોઈ રેડીમેડ ચાવી નથી.સુખના દરવાજા ઉપર જે તાળું દેખાય છે એ આભાસી હોય છે! એટલે કે? એના માટે કોઈ ચાવીની જ જરૂર નથી.આપણે જાતે જ સુખના દ્વારે સહજ ટકોરા મારીએ તો એ હંમેશા ખુલ્લા જ હોય છે..!

ખુશહાલ રહેવા માટે દરેક પળને વ્હાલ કરવું જરૂરી છે.જે મળ્યું છે એ જ ઉત્તમ.જેની અભિપ્સા છે એ મળી જ જાય એવું માનવું નિરર્થક.નથી નથીનો પ્રલાપ માણસને સતત સતાવતો રહે છે.આપણી પાસે જે છે એ જ મહત્વનું એવો સંતોષ જ સાચા આનંદનો રસ્તો છે.. આપણે હંમેશા અવળા રસ્તે જ ચડી જતા હોઈએ છીએ.

સુખ એ આમ તો શબ્દમાં બાંધવાની ચીજ નથી.છતાં કેટલીક સરસ ઉપમાઓ સુખ વિશે થતી રહે છે.કોઈકે સરસ કહયું છે કે "સુખ એટલે આપણી પાસે જે ફૂલો છે એમાંથી ગજરો બનાવવાની કળા.." શરત એ છે કે તમારી પાસે જે ફુલો છે એને જ સજાવવાનાં છે..આપણી ઉપલબ્ધિને જ આખરી માનવાની હોય છે.પોતે જ પોતાના સંતોષની સીમા નકકી કરવાની છે.

લઘુતા એ પ્રસન્નતા સામેની મોટી અડચણ છે..આપણી પાસે નથી, નથીની યાદી જેટલી લાંબી..સુખ કદાચ એટલું જ દુર રહેતું હોય છે..સરળતા એ સુખનો પાસવર્ડ છે..પણ આપણે અઘરા પાસવર્ડ પસંદ કરીએ છીએ...

આર્ટ ઑફ લિવિંગ એટલે શું..? આ પંકિતઓ જુઓ..
"જિંદગી ને જીવવાની ફિલસુફી સમજી લીધી..
જે મળી ખુશી જીવનમાં આખરી સમજી લીધી. "

આપણી મનઃસ્થિતી એ આપણી જીવનશૈલીનું વૉલપેપર છે...સ્વચ્છ મનોભાવો અને સરળ જીવન વ્યવ્હાર કદાચ આપણને વધારે પરિપુષ્ટ બનાવે છે. મોટાભાગે આપણે જિંદગીને કોયડો માની ઊકેલવાનો પ્રયત્ન કરતા રહીએ છીએ.હકિકતમાં એ હયાતી છે જેને જરૂર છે મકકમ હલેસાંની...

**Life is journey not a destination.**એવું કહેવાયું છે.લક્ષ્યાંકો યોજનાના હોઈ શકે જીવનના નહી.જીવન જેમ ખુલે છે એમજ એને માણવાનું અને શણગારવાનું.ખુશીના ખેતરે.લાગણીઓની વાવણી અને સંતોષનું સિંચન આપણને અકિંચન થતા બચાવે છે.

# ભારતમાં ફરજ બજાવી પરત ફરેલા બ્રિટિશ અધિકારીઓને કેમ કોઈ મહત્ત્વની જવાબદારી અપાતી ન હતી?



આજનો યુગ સોશિયલ મીડિયાનો યુગ છે. સૌ કોઈ સોશિયલ મીડિયા ઉપર મસ્ત અને વ્યસ્ત જોવા મળે છે. સોશિયલ મીડિયા એક એવું જબરજસ્ત પ્લેટફોર્મ છે કે, જ્યાં એક તરફ ઘણું આશ્ચર્ય પમાડે એવુ સત્ય તરે છે તો બીજી બાજુ બેશુમાર નિરર્થક અને તકલીફ આપે એવી બાબતો પણ નિરઅર્થકપણે વહેતી હોય છે. નદીના વહેણમાં સારી નરસી બંને પ્રકારની બાબત વહેતી હોય છે. એમાંથી ઉપયોગી અને બિનઉપયોગી વસ્તુઓ તારવવાનું વ્યક્તિની સુઝબુઝ ઉપર અવલંબિત હોય છે. એવી રીતે સોશિયલ મીડિયામાં દેખાતી વિગતોમાંથી કેટલી વિગતો લેવી અને કેટલી ન લેવી એ આપણી વિવેકબુદ્ધિ ઉપર નિર્ભર છે. સોશિયલ મીડિયા ઉપર લટાર મારતા અચાનક એક નવજવાન ચૌધરી નીતિન બાલિયાનની એક પોસ્ટની પહેલી લાઈન વાંચી અને ત્યાં હું રોકાઈ જવા મજબૂર થઈ ગયો. પછી તો મેં ચૌધરી નીતિનની એ આખી પોસ્ટ ખૂબ ધ્યાનપૂર્વક વાંચી. મને ખબર નથી કે આ ભાઈ ક્યાંના રહેવાસી છે ? શું કરે છે ? એમનું લક્ષ્ય શું છે ? મને એની સાથે કોઈ લેવાદેવા પણ નથી. પરંતુ હા, એક વાત ચોક્કસ છે કે, એણે આ પોસ્ટમાં વ્યક્ત કરેલા દમદાર વિચારો મને જરૂર સ્પર્શી ગયા અને એ લેવા માટે હું ત્યા અટકવા માટે મજબુર બની ગયો.




ભાઈ નીતિનની આ પોસ્ટની વિગતે વાત કરીએ એ પહેલા મોરબીના ઉદ્યોગકાર અને ચિંતક જયસુખભાઈ પટેલના 'સમસ્યા અને સમાધાન' પુસ્તકની ચાર લાઈનોથી વાતનો ઉઘાડ કરવો છે. જયસુખભાઈના શબ્દોમાં વ્યક્ત થયેલી પીડાને સમજવાની કોશિશ કરવા જેવી છે. જયસુખભાઈ લખે છે કે, 'પાંચેક હજાર વર્ષો પૂર્વે કૌરવો અને પાંડવો વચ્ચે કુરુક્ષેત્રમાં યુદ્ધ થયેલું. એ યુદ્ધનું નામ મહાભારત. આ એ જ મહાભારતની વાત છે કે, જે અફઘાનિસ્તાનથી લઈને સુમાત્રા-જાવા ટાપુઓ સુધી વિસ્તરેલું હતું. જેમાં આજના બાંગ્લાદેશ, પાકિસ્તાન, મ્યાનમાર, થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા, વિએટનામ, કંબોડિયા, લાઓસ, શ્રીલંકા જેવા પ્રદેશોનો સમાવેશ થતો હતો. કાળાંતરે આ વિસ્તારો મહાભારતમાંથી વિખુટા પડતા ગયા કે પાડવામાં આવતા ગયા. અને છેલ્લે જે બચ્યું તે આજનું ખંડિત ભારત. અંગ્રેજોની ગુલામીમાંથી ૧૯૪૭માં આપણો દેશ આઝાદ થયો તે તો ખંડિત ભારત હતું. મહર્ષિ અરવિંદ ઘોષની મહેચ્છા અને મત અનુસાર એ અખંડ ભારત વર્ષની આઝાદી ન હતી. અખંડ મહાભારતનો નકશો શ્રી અરવિંદના સાહિત્ય અને પોંડીચેરી આશ્રમમાં સચવાયેલો છે. અખંડ ભારત વર્ષ એટલે મહાભારત.'

જયસુખભાઈના પુસ્તક 'સમસ્યા અને સમાધાન'ના આ અંશોનું સ્મરણ એટલે થયું કે, મૂળતઃ ભારતના ભવ્ય ભૂતકાળની માત્ર દુહાઈઓ આપીને બેસી રહેવું એ પર્યાપ્ત નથી. દરેક ભારતીયની માનસિકતા અંગે સભાનપણે વિચાર કરવાની પણ ચોક્કસ આવશ્યકતા રહે છે. કોઈનાથી અભિભૂત થવા પાછળનું મુખ્ય કારણ સામેવાળાની પ્રભાવક પર્સનાલિટી અને સ્વયંને એમનાથી ઉતરતા હોવાનું જાતે જ નક્કી કરી લેવાની નબળી માનસિકતા છે. એક બીજું કારણ એ પણ દેખાય છે કે, અતી સૌજન્યશીલતા, પ્રેમ, આદર, માન અને સત્કાર આપવાની ભાવનાનો સામેવાળા દ્વારા થતો દૂર ઉપયોગ. જેમ ઉતરતા સમજવાની એક નબળી મનઃસ્થિતિ છે એમ પોતાને હંમેશા ઉપર સમજવાની માનસિકતા પણ તકલિફ આપનારી છે. બીજા કરતા ઊંચા હોવાની માનસિકતાને અંગ્રેજીમાં એને 'સુપિરિયારીટી કોમ્પ્લેક્સ' કહે છે. આ 'સુપિરિયારીટી કોમ્પ્લેક્સ' કેટલો ખતરનાક છે એ લેખની શરૂઆતમાં જેમનો ઉલ્લેખ કર્યો એ નિતીન ચૌધરીની વાતમાં દેખાય છે.

તો માંડીને હવે વાત કરીએ ભારતમાં રહેલા બ્રિટીશ અફસરોની માનસિકતાની. ભારતમાં સેવા બજાવવા ઈંગ્લેન્ડથી મોકલવામાં આવતા બ્રિટિશ અધિકારીઓને જ્યારે ભારતમાં એમની સેવા સંપન્ન થાય પછી સ્વદેશ ઈંગ્લેન્ડ પરત બોલાવી લેવાતા હતાં. ભારતમાંથી બ્રિટન પરત આવેલા અધિકારીઓને ઈંગલેંડમા કોઈ મહત્વની કે જવાબદારીવાળી જગા ઉપર નિયુક્તિ આપવામાં આવતી નહતી. આની પાછળનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે, આ અધિકારીઓના દ્રષ્ટિકોણ અને આમ જનતા સાથેની એમની વાણી, વર્તણૂક અને વ્યવહારમાં ઘમંડ અને અધિકારીપણું આવી ગયું હોઈ શકે એ છે. જો એમને ઈંગ્લેન્ડમાં પણ ઉચ્ચ હોદ્દો આપવામાં આવે તો એ અધિકારી બ્રિટિશ નાગરિકો સાથે પણ ગુલામો જેવો જ વ્યવહાર કરશે અને ઈંગલેંડના લોકો સાથે દુર્વ્યવહાર કરશે એવું માનવામાં આવતું હતું.

એક બ્રિટિશ મહિલાના પતિ બ્રિટિશ શાસન વખતના સિવિલ સેવાના ઉચ્ચ અધિકારી તરીકે સેવા આપવા ભારત આવેલા. ઈંગ્લેન્ડ પરત ફરીને આ અધિકારીની પત્નીએ એના સંસ્મરણો આધારિત એક પુસ્તક પ્રસિદ્ધ કર્યું હતું. બ્રિટિશ ઓફિસર એની પત્ની એટલે કે પુસ્તકની લેખિકા આ મહિલા અને તેના બે બાળકો સાથે ભારતમાં આવ્યા હતા. આ અધિકારીએ ભારતના જુદા જુદા ક્ષેત્રમાં ઘણા વર્ષો પસાર કર્યા હતા. આ મહિલાએ એના પુસ્તકમાં લખ્યું છે કે, મારા પતિ ભારતમાં એક જિલ્લાના ડેપ્યુટી કમિશનર હતા ત્યારે મારો ચાર વર્ષનો દીકરો અને એક વર્ષની દીકરી અમારી સાથે હતા. અમે ડેપ્યુટી કમિશનરને મળતી હજારો એકર જમીનમાં હવેલી જેવા આલિશાન મકાનમાં ઠાઠથી રહેતા હતા. સેંકડો લોકો એના ડેપ્યુટી કમિશનર પતિ અને એના પરિવારની સેવામાં ચોવિસ કલાક રહેતા હતા.

ત્યાંના મોટા જમીનદારો એમના શિકાર કાર્યક્રમમાં આ બ્રિટિશ પરિવારને આમંત્રિત કરવામાં એમનું ગૌરવ સમજતા. બ્રિટનની મહારાણી કરતા એમની શાન અને રૂતબો ઘણો વધારે હતો. ભારતમાં રેલવેની મુસાફરી દરમિયાન ડેપ્યુટી કમિશનર અને એનો પરિવાર નવાબી ઠાઠથી આલીશાન કપાર્ટમેન્ટમાં સફર કરતો. આ મહિલા લખે છે કે, 'જ્યારે અમે ટ્રેનના કપાર્ટમેન્ટમાં ચડતા ત્યારે સફેદ કપડામાં સજ્જ ટ્રેનનો ડ્રાઈવર બે હાથ પાછળ રાખીને અમારી સામે હાજર થઈ જતો. ટ્રેનનો ડ્રાઈવર ટ્રેન ચલાવવા માટે અમારી પાસે અનુમતિ માંગતો. અમે અનુમતિ આપીએ પછી જ ટ્રેનને એ ચલાવતો.'

મહિલા આગળ લખે છે કે, 'મને એક પ્રસંગ યાદ આવે છે, મારા ચાર વર્ષના દીકરાનો એ દિવસે મૂડ બરાબર ન હતો. અમે એ દિવસે ક્યાંક ટ્રેનમાં બહાર જવાનો પ્રોગ્રામ બનાવ્યો હતો. અમે ટ્રેનમાં ચડ્યા પછી ટ્રેનનો ડ્રાઈવર ટ્રેનને ચલાવવા માટે મંજૂરી માંગવા અમારી સામે આવ્યો ત્યારે મારા દીકરાએ ટ્રેનને આગળ ન ચલાવવા માટે ડ્રાઈવરને કહ્યું. ટ્રેનનો ડ્રાઈવર તો 'જી છોટે સરકાર' કહીને ટ્રેનને રોકીને ઉભો રહ્યો. એને એમ હતું કે, બાળક છે, મજાક કરે છે, થોડીવરમાં હા પાડશે. પણ સમય ઘણો થઈ ગયો. રેલવેના અધિકારીઓ ઉચા નીચા થવા લાગ્યા હતાં. થોડા સમય પછી સ્ટેશન માસ્ટર સહિત રેલવેનો આખો સ્ટાફ મારા બેટા સામે આવીને ટ્રેન ચલાવવા અનુમતિ આપવા માટે એને વિનવવા લાગ્યા. પણ એ ન માન્યો. ચોકલેટ આપવાના ઘણા વાયદા અને મનામણી પછી એ માંડ માન્યો. ટ્રેન ચલાવવા માટે રાજી થઈને એણે અનુમતિ આપી અને ટ્રેન આગળ ચાલી.'

થોડા મહિના પછી આ મહિલા પોતાના સગા, સંબંધી અને મિત્રોને મળવા ઈંગ્લેન્ડ ગઈ હતી. જહાજમાંથી ઉતરીને એને વેલ્સમાં એક કાઉન્ટીમાં આવેલા એના મકાનમાં જવાનુ હતું. ઘરે પહોંચવા માટે એમણે ટ્રેનમાં મુસાફરી કરવાની હતી. ટ્રેનમાં જવા માટે ઈંગ્લેન્ડના રેલવે સ્ટેશન ઉપર એના બંને બાળકોને લઈને એ પહોંચી. ઈંગ્લેન્ડના એ રેલવે સ્ટેશન ઉપર એણે એના ચાર વર્ષના દીકરા અને એક વર્ષની દીકરીને એક બાંકડા ઉપર બેસાડયા અને એ ટિકિટબારી ઉપર ટિકિટ લેવા માટે ગઈ. ટિકિટ બારી ઉપર લાંબી લાઈન હોવાથી એને સ્વાભાવિક રીતે જ બહુ વાર થઈ ગઈ. જેના પરિણામે એનો દીકરો ખૂબ બેચેન બની ગયો.


માતા સાથે જ્યારે આ દીકરો આલીશાન કમપાર્ટમેન્ટના બદલે ઈંગ્લેન્ડની ટ્રેનના ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં ચડ્યો અને એણે એની સીટ જોઈ ત્યારે એ ફરીથી ગુસ્સે થઈ ગયો. પછી ટ્રેન તો એના નિર્ધારિત સમયે અનુસાર ચાલુ થઈ ગઈ. ત્યારે આ બાળક રીતસર ચીસાચીસ કરવા લાગ્યો. એ જોર જોરથી એની મમ્મીને કહેવા લાગ્યો કે, 'આ ટ્રેનનો ડ્રાઈવર કેટલો મૂર્ખ છે. પુછતો પણ નથી. હું પપ્પાને કહીને એને જૂતા ખવડાવીશ.' આ મહિલાએ એના પુસ્તકમાં લખ્યું છે કે, 'એ સમયે મને મારા દીકરાને સમજાવવાનું બહુ ભારે પડ્યું કે, આ એના પિતાજીનો ગુલામ ભારતનો કોઈ જિલ્લો નથી. આ તો સ્વતંત્ર ઈંગ્લેન્ડ દેશ છે. અહીં ડેપ્યુટી કમિશનર કક્ષાના ત્રીજા વર્ગના અધિકારી તો શું પ્રધાનમંત્રી કે રાજાને પણ ભારતમાં

અનુસંધાન પાના નં. ૭ પર

# ગરજ બરસ પ્યાસી ધરતી કો ફિર પાની દે મૌલા

ચિડીયોં કો દાનેં બચ્ચો કો ગુડ ધાની દે મૌલા,
ગરજ બરસ પ્યાસી ધરતી પર ફિર પાની દે મૌલા,
દો ઓર દો કા જોડ હમેશા ચાર કહા હોતા હૈ
સોચ સમજવાલો કો થોડી નાદાની દે મૌલાપ
ફિર રોશન કર ઝહર કા પ્યાલા, ચમકા નઈ સલીબેં
ઝૂઠોં કી દુનિયા મેં સચ કો તાબાની દે મૌલા
ફિર મૂરત સે બહાર આ કર ચારો ઓર બીખર જા
ફિર મંદિર કો કોઈ મીરા દીવાની દે મૌલાપ
તેરે હોતે કોઈ કિસી કી જાન કા દુશ્મન ક્યો હો
જીનેવાલો કો મરને કી આસાની દે મૌલાપ

- નીદા ફાઝલી



સ્વ.જગજીતસિંહના મખમલી અવાજમાં ગવાયેલી આ ગઝલ વર્ષોથી મનપસંદ પ્લેલિસ્ટમાં અકબંધ છે. અત્યારે જ્યારે આ ગોરંભાયેલું આકાશ અને આ વાતાવરણનો બફારો આપણને મૂંઝવી રહ્યો છે, અને વરસાદના આગમનની આશામાં ચાતકની જેમ જગતનો તાત ઓશિયાળી નજરો સાથે મીટ માંડીને બેઠો છે ત્યારે વળી પાછી આ ગઝલ તેની મેળે જ મગજના **mp3** પ્લેયરમાં વાગી ઊઠી.

મર્હૂમ નિદા ફાઝલી સાહેબની કલમે લખાયેલી આ નઝમ આપણા સૌની હૃદયની ઉર્મિઓને વાચા આપે છે. જરાક વિચાર કરો તમારી અને મારી માટે તો વરસાદનું ન આવવું એ માત્ર ઉકળાટ સહન કરવા બરાબર જ છે. બફારાથી ત્રસ્ત થયેલા આપણે ઠંડક મેળવવા માટે વરસાદની રાહ જોઈએ છીએ. (છેલ્લાં બે દિવસથી જોકે હવે આપણા પાટનગરમાં મેઘરાજા વરસવા લાગ્યા છે.)




વધુમાં વળી ગૃહિણીને વરસાદ ઓછો થવાથી મોંઘવારી વધતી જવાની ભીતિ વચ્ચે ઘરનું બજેટ ખોટકાઈ જવાની ચિંતા છે. (અહીં ટમેટાં જેવી લક્ઝરી કક્ષામાં આવતી મહામૂલી જણસની વાત નથી. ટમેટાંનું સ્થાન હવે માત્ર શાકભાજીની શ્રેણીમાં નથી રહ્યું.) સ્કૂલમાં જતા બાળકોને જુલાઈ મહિનો પસાર થઈ જવા આવ્યો હોવા છતાં હજી સુધી વરસાદના કારણે સ્કૂલમાં અનાયાસ રજા નથી પડી તેની અકળામણ થાય છે. રેઈનકોટ અને છત્રીના વેપારીને હજુ સુધી જોઈએ તેવો વકરો નથી થયો તેની અકળામણ છે. છત્રી રેઇનકોટના સિઝનલ વેપારી હવે શ્રાવણની કોઈ ભક્તિ આઈટમ વેચવાની યોજના બનાવવા માંડ્યા છે.

આપણા બધાની અકળામણ તેની જગ્યાએ ઠીક છે, પરંતુ એ ખેડુંં કે જે ધરતી પર દાણા નાખીને તેના અંકુરિત થવા પર જ આખું વર્ષ વરસાદના ભરોસે જ પેટિયું રળવાનો છે તે કિસાન તો તેની અકથ્ય મૂંઝવણ કોને કહે !

આપણે તો અહીંનું તહીં કરીને ચલાવી લઈશું. પણ ખેડૂત કે જે પાણીની આશામાં બેબાકળો બન્યો છે. તે તો ચોક્કસપણે અત્યારે દૈનિક પ્રાર્થનાની જેમ આ ગઝલ ગાતો હશે. ઇતિહાસ સાક્ષી છે કે આ દેશની સરેરાશ મધ્યમવર્ગીય વ્યક્તિ વધુ ઈમાનદાર છે. અને તે જ વ્યક્તિ કહી રહી છે કે "સોચ સમજવાલો કો થોડી નાદાની દે મૌલા."

હંમેશાં ગણતરી કરીને જીવતા ગણતરીબાજ માણસોને ઈશ્વર શીખવે કે કાયમ બે વત્તા બે ચાર નથી થતું. દુનિયા માત્ર ગણિત કે માત્ર વ્યાપાર નથી. આ સંસાર લાગણીથી - સંવેદનાઓથી ચાલે છે, જ્યાં થોડું જતું કરીને નુકસાન વેઠી લેનારી વ્યક્તિ પણ આનંદ અને ખુશી પ્રાપ્ત કરી શકે છે.

ઈશ્વર માત્ર પથ્થરની મૂરત બનીને મંદિરમાં પડી રહેવા નથી માગતા. વરસાદના ફોરા બનીને, વર્ષાની છાલક બનીને, ઈશ્વરને સમગ્ર પૃથ્વી પર રેલાઈ જાવું છે.

ઈશ્વરનું ઈશ્વરત્વ પૃથ્વી પર મનુષ્યો પર વિખરાઈ જવામાં જ છે. રેલાઈ જવામાં છે. જ્યારે માણસોની પણ અભિવ્યક્તિ એ હોવી જોઈએ કે તે આ રેલાઈ જતા ઈશ્વરના કણ-કણનો અનુભવ કરે. વરસાદ એ માત્ર આકાશમાંથી કાળા વાદળો બંધાઈને પાણી પડવાની ક્રિયા માત્ર નથી. વરસાદ તો ઈશ્વરનો સાક્ષાત્કાર છે વરસાદ તો ઈશ્વરનો આપણને થતો સ્પર્શ છે.

વરસાદમાં પડતા પાણીના ફોરા આપણને ભીંજવતા ઝાપટા એ ઈશ્વરના આશીર્વાદની પ્રોમિસરી નોટ છે. આપણે આ ઈશ્વરીય ઘટનાને માત્ર સ્થૂળ વૈજ્ઞાનિક ઘટના સમજીને ભગવાનની અસીમ કૃપાનો આનાદર કરતા રહીશું તો ચોક્કસપણે ઈશ્વરને પણ મુક્ત મને વરસવાનું, આપણને સ્પર્શવાનું કે આપણને આશીર્વાદ આપવાનું ગમશે નહીં.

પ્રકૃતિના દરેક તત્વ ઈશ્વરના સાક્ષાત્કારની સાખી પૂરે છે. અને આપણે પ્રકૃતિને જ અવગણવા લાગ્યા છીએ. પશુ, પંખી, વૃક્ષ, જળાશય, નદી-નાળા અને પર્વતો આ બધું ઈશ્વરદત્ત છે તેવું માનીએ તે યોગ્ય નથી આ બધા તત્વો સ્વયં ઈશ્વર જ છે તે સ્વીકારવું પડશે. ચકલીઓને સવારે ચણ નાખીએ કે બાળકોને પીપરમીટ વહેંચીએ, ગાયને રોટલી આપીએ કે કીડીને લોટ આપીએ આ બધું ઈશ્વર તરફ જતું ચંદ્રયાનની સફર જેવું છે. સમજો તો ઈશ્વર હાથવગો છે નહીંતર ચંદ્ર જેટલો છેટો છે. જૈસે જીસ કી સોચ.

આ વરસાદની ઋતુમાં પહેલાં દેખાતા લાલ ચણોઠી જેવા મખમલી ઈશ્વરના ટપાલીઓ જેવા જંતુ દેખાતા નથી. પેલી ધીરે ધીરે સરકતી જતી ગોકળગાય જોવાનું હવે કોઈ બાળકોને કુતુહલ થતું નથી. છૂટી છવાઈ એકાદી કાગળની નાવડી કોઈ બાળક વરસાદ પછીના વહેતા પાણીમાં વહાવતું હોય તેવો એકાદ ફોટો છાપામાં જોવા મળે છે. બાકી તો આરસીસીના અને બ્લોકના સીમાડાઓએ વહેતા પાણીને દેશનિકાલ આપ્યો છે.

છેલ્લે તો વળી પાછી એ જ વાત આવે છે "સોચ સમજવાલો કો થોડી નાદાની દે મૌલા...."

- jayuoza@gmail.com,
Mo.9898046488

# 'હરિ કૃપા તબ જાનીયે દે માનવ અવતાર.....'

'મિત્ર કહું કે ભાઈ.....' વાક્યના શુભારંભ સાથે પારિવારિક સ્વજન હર્ષેન્દુ ઓઝાએ ફેઈસ બુક પર તારીખ ૯ જુલાઈ ૨૦૨૩ના રોજ મને જન્મદિવસની શુભકામનાઓ આપી..... અને મોટી સંખ્યામાં સ્નેહીઓ પણ એ શુભેચ્છા ભેગા મળ્યા ને શુભકામનાઓથી ભીંજવ્યો આનંદ આનંદ થયો.

સ્મરણ થયું ગુજરાતમાં વિસરાતા સુર કાર્યક્રમોનો આરંભ કરનાર અંબરિષ પરીખનો.... એમનો મારા પર અનહદ સ્નેહ રહ્યો, તેઓ પણ મને કાયમ ૯ જુલાઈએ જન્મ દિવસની શુભકામના પાઠવતા...

આ બંને અથવા આવા કોઈ ત્રીજા કે ચોથા કિસ્સામાં મેં ક્યારેય એવું ના કહ્યું કે મારો જન્મ દિવસ ૧૦ જુલાઈ છે. કેમ ?

સમજણ વિકસી ત્યારથી મા સરસ્વતી અને સદગુરૂની કૃપાથી મને સતત એ અનુભૂતિ રહી છે કે આપણે જે દુનિયામાં જીવીએ છીએ એમાં રોજિંદી સમસ્યાઓ, વિષમતાઓ, સંઘર્ષ અને નકારાત્મકતા આડે જે કાંઈ ઢાલ બનીને ઊભું રહે છે એમાં એક તે આ આપણા પ્રતિ વહેતી શુભકામના - આર્શીવાદ અને હકારાત્મક ઉર્જા ઓછે. આપણા જીવનમાં ઉલ્લાસ આપે, ઉજાસ આપે, હુંફ આપે, પ્રેમ અને વાત્સલ્ય આપે એવા લખાયેલા કે બોલાયેલા કે સંભળાયેલા શબ્દો આપણા માટે જીવનની અણમોલ સંપત્તિ છે, જે અનેક વિપત્તિઓથી આપણું સહજ રક્ષણ કરે છે.




કોઈ ખાસ દિવસ, ઉત્સવ કે વિશેષ પ્રસંગની જાણ આપણને કેલેન્ડર - પંચાગ કે હવે સોશિયલ મીડિયા કરે તે સ્વાભાવિક છે, પરંતુ એની સાથે જોડાયેલી શુભત્વની જે લાગણીઓ છે એને તો કાળના કોઈ બંધન હોતા નથી. બારે માસ એ તો સતત અનુભવાતી જ રહે છે. પ્રેમી માટે પળ પળ પ્રેમ દિવસ કે વસંત જ હોય છે અને પ્રસન્ન રહેનાર માટે પળ પળ આનંદમય જ હોય છે. એવું જ શુભત્વ શુભકામનાઓનું છે એ જેના તરફ વહે તેને તરબતર કરે છે, સુગંધિત કરે છે અને પ્રાણવાયુ બનીને જીવવાનું બળ પૂરું પાડે છે.

જન્મ દિવસે જીવનનું એક વર્ષ ઓછું થયાનું દુઃખ પણ કોઈ અનુભવે અને કોઈ વળી નવા વર્ષના વર્ષના વધામણાનો આનંદ પણ અનુભવે કેટલાક વળી એ બેઉની મધ્યમાં જ અટકી જાય.... પરંતુ જન્મ દિવસ એટલે એક નવી દિશા, નવી હવા, નવા વર્ષનો આરંભ છે. હૃદયમાં પ્રેમ - પ્રાર્થના ને પ્રસન્નતા છે, મનમાં કે બુદ્ધિમાં સુખ-સમૃદ્ધિ અને સફળતાના આયોજનો છે. ખુબ પુરુષાર્થ તન-મન-ધનથી કરવાની તૈયારી છે અને પછી સ્વ મહેનતની એ કમાઈ દ્વારા પરિવાર કે પ્રિયજનો સાથે કરવાના પ્રવાસો અને માણવાનો આનંદ પણ છે. લાચારી નહિ ખુમારીથી પણ સ્વ વિવેક જાળવીને મન ભરીને જીવી લેવા માટે પ્રેરક છે જન્મદિવસ.

જન્મદિવસ એટલે વ્યક્તિના અધુરા રહેલા સપના પુરા કરવાની દિશામાં એક ડગ આગળ વધવાનો દિવસ. જન્મ દિવસ એટલે મસ્તી - મ્યુઝિક - મહોબ્બતની વર્ષામાં ભીંજાવાનો દિવસ. જન્મ દિવસ એટલે ચારે દિશામાંથી આપણી તરફ વહેતી શુભકામનાના પ્રવાહને ઝીલવાનો દિવસ.

મને અનહદ વાત્સલ્ય અને આશીર્વાદ આપનાર મોટીબહેન રીટાબહેન મને આશીર્વાદ પાઠવતા આ વર્ષે લખ્યું છે કે 'હરિ કૃપા તબ જાનીયે દે માનવ અવતાર.....'

બસ આ માનવ અવતારમાં સહજતા રહે, જીવન મૂલ્ય સમજાય, શું ખપનું છે અને શું નકામું છે તે જાણી શકીએ, પ્રસન્નતાથી જીવી શકીએ.... સ્પર્ધા માત્ર જાત સાથે જ કરીએ અને પરિવારના સભ્યો, પ્રિયજનોને મન મુકીને પ્રેમ કરીએ, જાતને પ્રેમ કરીએ.... સ્વયં સાથે સતત સંવાદમય રહીએ, મા સરસ્વતી અને સદ્‌ગુરુની કૃપાને પાત્ર બનીએ.... ત્યારે આપણા જીવનમાં પળ પળ અજવાળા રેલાય છે.